સચિવ

ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/2021/ 5319-21
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : 22/ 02/ 2021

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ ફેબ્રુઆરી માસમાં ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે સામયિક કસોટીના આયોજનમાં ફેરફાર કરવા બાબત.

સંદર્ભઃ પત્રક્રમાંકઃ જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૨૧/૩૭૯૮-૩૮૬૩ તા. ૧૦/૦૨/૨૦૨૧

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સંદર્ભદર્શિત પત્ર અનુસાર ફેબ્રુઆરી માસમાં યોજાનાર સામયિક મૂલ્યાંકન કસોટીઓ અંગેની સૂચનાઓમાં નીચે મુજબના ફેરફાર કરવામાં આવે છે જે ધ્યાને લઈ આગળની ઘટિત કાર્યવાહી કરશો.

- ધોરણ ૬ થી ૮ના બાળકોનું ઓફલાઈન શિક્ષણકાર્ય શાળાકક્ષાએ શરૂ થઈ ગયેલ છે. આથી ધોરણ ૬ થી ૮માં સામયિક મૂલ્યાંકન કસોટીઓ વિદ્યાર્થીઓએ અગાઉના વર્ષની જેમ રાબેતા મુજબ શાળામાં આપવાની રહેશે.
- તા. ૨૮/૦૨/૨૦૨૧ ના રોજ યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં શિક્ષકો રોકાયેલ હોવાથી ધોરણ ૩ થી ૮ની સામયિક મૂલ્યાંકન કસોટીઓ તા. ૨૫/૦૨/૨૦૨૧ થી ૨૭/૦૨/૨૦૨૧ ને બદલે માર્ચ માસમાં તા. ૦૨/૦૩/૨૦૨૧ થી ૦૪/૦૩/૨૦૨૧ દરમિયાન યોજવાની રહેશે.
- ધોરણ ૩ થી ૫માં શાળામાં ઓફલાઈન શિક્ષણકાર્ય શરૂ થયેલ ન હોવાથી આ વર્ષની જેમ રાબેતા મુજબ વિદ્યાર્થીઓ કસોટીઓ વાલી અને વિદ્યાર્થીની અનુકૂળતાએ વાલીની દેખરેખ હેઠળ ઘરેથી લખે તે અપેક્ષિત છે. કસોટીનો આશય વિદ્યાર્થીની પ્રગતિ જાણવાનો હોઈ વિદ્યાર્થીઓ કસોટી ભયમુક્ત અને તણાવમુક્ત વાતાવરણમાં આપે તે ઈચ્છનીય છે.
- તા.૦૧/૦૩/૨૦૨૧ સુધીમાં ધોરણ ૩ થી ૫ના વિદ્યાર્થીઓ સુધી કસોટીઓ હાર્ડકોપી અથવા સોફ્ટકોપીમાં પહોંચતી કરવાની રહેશે.
- તા.૦૧/૦૩/૨૦૨૧ના રોજ જીસીઈઆરટીની વેબસાઈટ (www.gcert.gujarat.gov.in) પર તમામ માધ્યમની કસોટીઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમજ ગુજરાતી માધ્યમની કસોટીઓ જે તે વિષયના પાઠ્યપુસ્તકની અનુક્રમણિકા (Index) પરના QR Code પરથી પણ મેળવી શકાશે.

- હિન્દી અને અંગ્રેજી માધ્યમ ધોરણ ૩માં પ્રથમભાષા અને ગણિત એમ બે જ વિષયની કસોટીઓ યોજવામાં આવશે. આથી સદર બંને માધ્યમોમાં ધોરણ ૩ ગુજરાતી (દ્વિતીયભાષા) ની કસોટી આ વખતે યોજવાની રહેશે નહિ.
- ધોરણ ૩ થી ૫ માટે કસોટીની ઉત્તરવહીઓ તા. ૧૨/૦૩/૨૦૨૧ સુધીમાં વાલી મારફત શાળા સુધી પહોંચાડવામાં આવે તે ઈચ્છનીય છે.
- સદર કસોટી અંગેની સંદર્ભદર્શિત પત્રમાં આપવામાં આવેલ બાકીની સૂચનાઓ યથાવત રહેશે.

સચિવ

જીસીઈઆરટી

ગાંધીનગર

જા. નં. /૭૧-૨/૨૦૨૧/

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બી બ્લોક,
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત.
તા: /૦૨/૨૦૨૧

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત શહેર/જિલ્લાની તમામ પ્રાથમિક ખાનગી શાળાઓ તરફ,

વધુ જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.